# નવા ભારતના સંકલ્પને લઈને નવી ઉર્જા સાથે આગળ વધવા જઈ રહ્યા છીએ : મોદી

## વિશ્વાસની ડોર મજબૂત હોય છે ત્યારે આવી લહેર હોય છે : સંસદના સેન્ટ્રલ હોલમાં મોદીએ સંબોધન કર્યું

નવીદિલ્હી, તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના સેન્ટ્રલ હોલમાં એનડીએ અને ભાજપ સંસદીય દળના નેતા તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ફરી એકવાર ઐતિહાસિક સંબોધન કર્યું હતું જેમાં મોદીએ કહ્યું હતું કે, સબકા સાથ સબકા વિકાસ અને તમામનો વિશ્વાસ અમારો મૂળ મંત્ર છે. ગરીબોની જેમ જ લઘુમતિઓ સાથે પણ ઠગાઈ કરવામાં આવી છે. તેમને ડરાવીને રાખવામાં આવ્યા છે. તેમના વિકાસ તરફ ધ્યાન આપવામાં આવ્યું નથી. તેમનો માત્ર વોટબેંક માટે ઉપયોગ થયો છે. તેમનો વિશ્વાસ જીતવાની પણ જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, ટીવી પર દેખાય તે માટેના લાલચથી બચવાની જરૂર છે. આનાથી બચીને ચાલવાની સ્થિતિમાં પોતે પણ બચીશું અને બીજાને પણ બચાવીશું. મોદીએ કહ્યું હતું કે, મોદી જ મોદીના ચેલેન્જર તરીકે છે. આ વખતે મોદીએ મોદીને પડકાર ફેંક્યો હતો અને ૨૦૧૪ના તમામ રેકોર્ડ તોડી દીધા છે. ગૃહમાં મહિલાઓની સંખ્યાનો પણ રેકોર્ડ તુટી ગયો છે. વિશ્વાસની ડોર જ્યારે વધારે મજબૂત હોય છે ત્યારે શાસન તરફી લહેર ચાલતી હોય છે. સેન્ટ્રલ હોલની આ ઘટના અસામાન્ય બની ગઈ છે. આજે અમે નવા ભારતમાં સંકલ્પને લઈને નવી ઉર્જા સાથે આગળ વધવા જઈ રહ્યા છે. ચૂંટણી અભિયાનના સમયે અનેક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા પરંતુ અમારા તમામ સાથીઓને વિશ્વાસ હતો કે, અમે ૫૦ ટકાની લડાઈ



લડીશું અને અમે જીતીને આવ્યા છે. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, નિયમોના પાલનમાં કોઈ સંકોચ રાખવાની જરૂર હોવી જોઈએ નહીં. વીઆઈપી કલ્ચરથી દૂર રહેવાની જરૂર છે. અમને તમામ પ્રજાનું સન્માન કરવાની જરૂર છે. આવી સ્થિતિમાં લોકોની નજીક પહોંચી શકાશે. મોદીએ ઉમેર્યું હતું કે, જેટલા મત અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને તેમની પ્રમુખની ચૂંટણીમાં મળ્યા હતા. અમારા વોટમાં એટલાનો તો વધારો થયો છે. જનપ્રતિનિધિઓ માટે કોઈ અલગ હોઈ શકે નહીં. વિનોબાભાવે કહેતા હતા કે ચૂંટણીથી વિભાજન થાય છે પરંતુ ૨૦૧૯ની ચૂંટણીએ તમામ દિવાલો તોડી દીધી છે. મોદીએ સફળતા માટે તમામનો આભાર માન્યો હતો. ભાજપ પ્રમુખ અમિત શાહે પણ સંબોધન કર્યું હતું અને કહ્યું હતું કે, અમને વિશ્વાસ હતો કે, મોદીના નેતૃત્વમાં અમને પૂર્ણ બહુમતિ મળશે. ભાજપને ૩૦૩ અને એનડીએને ૩૫૩ સાંસદો મળ્યા છે.

# બંગાળમાં મમતાની મુશ્કેલી ટૂંક સમયમાં વધવાના સંકેતો

## હાર બાદ મમતાએ પણ રાજીનામાની ઓફર કરી : આગામી વિધાનસભા માટેની ચૂંટણીમાં ભાજપ મમતાની હાલત વધારે ખરાબ કરે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે : હેવાલ

કોલકાતા, તા. ૨૫

પશ્ચિમ બંગાળમાં ભારતીય જનતા પાર્ટીએ લોકસભાની ચૂંટણીમાં ધરખમ દેખાવ કર્યા બાદ મમતા બેનર્જીની ઉંઘ હરામ થઈ ગઈ છે. આવનાર દિવસોમાં મમતા બેનર્જીની મુશ્કેલીઓ હજુ વધી શકે છે. ખરાબ દેખાવ બાદ મમતા બેનર્જીએ રાજીનામાની ઓફર પણ કરી હોવાનું જાણવા મળ્યું છે. જો કે, પાર્ટીના લોકોએ તેમની ઓફરને ફગાવી દીધી છે. લોકસભાની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ બંગાળમાં જોરદાર સપાટો બોલાવ્યો છે અને ૧૮ સીટો જીતી લીધી છે જ્યારે ટીએમસીને ૨૨ સીટો મળી છે. મત હિસ્સેદારીની વાત કરવામાં આવે તો મમતા બેનર્જીના ખાતામાં ૪૩.૩ ટકા મત હિસ્સેદારી આવી છે જ્યારે ભાજપના ખાતામાં ૪૦.૨ ટકા મત હિસ્સેદારી આવી છે. એકબાજુ ૨૦૧૪માં ટીએમસીની મત હિસ્સેદારી લોકસભાની ચૂંટણીમાં ૩૯.૩ ટકા હતી જેની સામે ૨૦૧૯માં મતહિસ્સેદારી ટીએમસીની ૪૩.૩ ટકા થઈ છે જ્યારે બીજી બાજુ ભાજપની મતહિસ્સેદારી ૧૬.૮ ટકાથી વધીને ૪૦.૨ ટકા થઈ ગઈ છે. ૨૦૧૪માં ભાજપની માત્ર બે સીટ હતી જેની સામે વધીને હવે ૧૮ સીટો થઈ ગઈ છે. આવનાર વિધાનસભાની ચૂંટણી બંગાળમાં મમતા બેનર્જી માટે ખુબ જ મુશ્કેલ બની શકે છે. તેમના હાથમાં તાજ જઈ શકે છે. એવા સંકેત મળી રહ્યા છે કે, ૨૦૨૧માં યોજાનારી વિધાનસભાની ચૂંટણી મમતા બેનર્જી માટે સૌથી મુશ્કેલરુપ બની રહેશે.

# પ્રચંડ જીત બાદ મોદી-શાહ આજે ગુજરાત આવશે

## વડાપ્રધાનનું અમદાવાદ એરપોર્ટ પર ભવ્ય સ્વાગત કરાશે : ખાનપુરમાં સભા સંબોધશે : માતાના આશિર્વાદ લેશે : સોમવારે વારાણસી જશે



અમદાવાદ,તા.૨૫

આજરોજ ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ભાજપા કાર્યાલય ખાનપુર ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુ કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીઓમાં ભવ્યાતિભવ્ય વિજય મેળવ્યા બાદ ગુજરાતની ગૌરવભૂમિ ઉપર પ્રથમવાર પધારી રહેલ લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા કુશળ સંગઠનકર્તા તરીકે દેશભરમાં લોકચાહના પ્રાપ્ત કરનાર રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ ગુજરાતની ૬ કરોડની જનતા જનાર્દનના આભારદર્શન માટે પધારી રહ્યા છે. આ અભિવાદન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનું નહી પરંતુ સમગ્ર ગુજરાતની અને દેશની જનતાનું અભિવાદન છે. આવતીકાલે સાંજે ૫.૦૦ કલાકે કર્ણાવતી મહાનગર ખાતે સરદાર વલ્લભભાઈ એરપોર્ટ ઉપર પધારીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, દેશના લોહપુરુષ અને વૈશ્વિક વિભૂતિ સરદાર વલ્લભભાઈ પટેલની એરપોર્ટ ખાતે આવેલ પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરશે. ત્યાંથી ડફનાળા ચાર રસ્તા – રીવરફ્રન્ટ થઈ ખાનપુર જે.પી.ચોક ખાતે ભાજપાના ઐતિહાસિક કાર્યાલય ઉપર પધારશે અને અહીં જેપી ચોકના ઐતિહાસિક સ્થાન ઉપર ગુજરાતની ૬ કરોડ જનતાનું અને દેશની જનતાનું આભારદર્શન કરીને પ્રજાજનોનું અભિવાદન સ્વીકારશે. લોકહૃદયસમ્રાટ તથા ગુજરાતનું ગૌરવ એવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તથા ગુજરાતના પનોતાપુત્ર અને કુશળ સંગઠક એવા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આવતીકાલે સાંજે ૫.૩૦ વાગ્યે જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદના ઐતિહાસિક સ્થળે આભારદર્શન જનસભા સંબોધશે. વાઘાણીએ સુરતમાં બનેલી કરૂણ ઘટના અંગે ઉંડો શોક વ્યકત કરીને મૃત્યુ પામેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શ્રધ્ધાંજલિ પાઠવીને અને તેમના પરિવારજનો પ્રત્યે સંવેદના પ્રકટ કરીને સરકાર તરફથી શક્ય તેટલી તમામ પ્રકારની સહાયની ખાત્રી આપી હતી.

# ફાયર સેફટીની સુવિધાના અભાવે ડીસાની છ હોસ્પિટલને દંડ અને નોટિસ ફટકારવામાં આવી

## ત્રણ થી વધુ ટ્યૂશન કલાસીસ સીલ કરાયા અને ૧૫ થી વધુ નોટિસ ફટકારી : ફરી એક વાર તબેલા માંથી ઘોડા નાસી છૂટયા બાદ તબેલાને તાળા મારવા જેવો ઘાટ





ડીસા

સુરતમાં આગ લાગ્યાની ઘટનાને પગલે ડીસામા નગરપાલિકા તથા ફાયર વિભાગની ટીમે તપાસ તેજ કરી છે. હોસ્પિટલો માં તપાસ બાદ રૂ. ૬ હજારનો દંડ ફટકારી નોટિસ ફટકારી છે ઉપરાંત ત્રણ ટ્યૂશન કલાસિસ સીલ કરી ૧૫ થી વધુ નોટિસ ફટકારવામાં આવી છે.

સુરતના સરથાણા માં કોચીંગ સેન્ટરમાં ભીષણ આગમાં ૧૯ના મોત નિપજ્યાની ઘટના સર્જાતા રાજ્યમાં હડકંપ મચ્યો છે .ત્યારે તબેલા માથી ઘોડા નાસી ગયા પછી જેમ તબેલાને તાળા મારવામાં આવે તેવો ફરી એક વાર ઘાટ સર્જાયો હતો. શનિવારે ડીસા નગરપાલિકાની ટિમ તથા ફાયર વિભાગની ટીમના ૨૦ લોકોએ ત્રણ ટિમ બનાવી તપાસ તેજ કરી હતી.જેમા ડીસાના હાઈવે પર આવેલા શારદા વુમન હોસ્પિટલ,આરાધના હોસ્પિટલ, શુભમ હોસ્પિટલ,ધ્વનિ હોસ્પિટલ,ગોકુળ હોસ્પિટલ તથા પરિવાર હોસ્પિટલમા અચાનક તપાસ હાથ ધરી ધરી હતી જેમાં ફાયર સેફટીના સાધનોનો અભાવ જણાયો હતો. પરિણામે હોસ્પિટલના સંચાલકોને રૂ એક હજારનો દંડ અને નોટિસ ફરકારવામાં આવી હતી.આ ઉપરાંત ડીસાની આદર્શ હોસ્પિટલમાં પણ ટિમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી જેમાં આદર્શના ભોંયરામાં આવેલ કોમ્પ્યુટર રૂમને સીલ મારવામાં આવ્યું હતું.આ ઉપરાંત જલારામ મંદિર સામે આવેલ ચામુંડા ટ્યૂશન કલાસીસ,કેરિયર એકેડેમી, અંકુર કોચિંગ કલાસીસ, આશીર્વાદ કોમ્પ્યુટરમા તપાસ હાથ ધરવામાં આવી હતી.જ્યા ફાયર સેફટીની શૂવિધા ના મળતા તમામને સીલ મારવામાં આવ્યું હોવાનનું ફાયર વિભાગના ભરતસિંહે જણાવ્યુ હતું.આ ઉપરાંત અંબિકાચોક વિસ્તારમાં આવેલ મનોજ ટ્યૂશન કલાસીસ ,માનવ કોમ્પલેક્સમાં આવેલ કેશરી ટ્યૂશન ,જીગ્નેશ જયંતીભાઈ પંચાલના ત્યાં ટ્યૂશન કલાસીસ, મહેશ ટ્યૂશન કલાસીસ, મા તપાસ હાથ ધરી તેમને નોટિસ ફટકારવામાં આવી હતી.જોકે તંત્ર દ્વારા આચનક તપાસ હાથ ધરતા શહેરમા અન્ય ટ્યૂશન કલાસીસ સંચાલકો ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. જોકે દિવાળી પૂર્વે એક ગેરકાયદે ફટાકડાના સ્ટોલમાં આગ ભભૂકી ઉઠી હતી.ત્યારે શા માટે તંત્ર કોઈ મોટી દુર્ઘટના સર્જાયા બાદ જાગે છે. અગાઉ કેમ તંત્ર મુકબુદ્ધિર બનીને જોયા કરે છે. કોઈ ના જીવ ગયા બાદ જ કેમ તંત્ર હરકતમાં આવે છે આ સહિત ના સવાલો લોકમુખે ચર્ચાઈ રહયા છે.

# પાલનપુર પોલીસ દ્વારા ગાંજાનો જથ્થો ઝડપી લેવાયો

પાલનપુર

પાલનપુર પાયોનીયર ડેરી પાસે આવેલ એક ગૌ શાળામાં ગાંજાના છોડ ઉગાડવામાં આવતા પોલીસએ બાતમીના આધારે રેડ કરી ૬૨ કિલો ગાંજાનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.જેમાં પોલીસે રૂ.૩.૭૨ લાખનો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા ગુનેગારોમાં ફફડાટ પ્રસરી ગયો છે.

પાલનપુર આર.ટી.ઓ સર્કલથી ધનિયાણા ચોકડી તરફ જવાના માર્ગ ઉપર આવેલી પાયોનીયર ડેરી પાસે એક મંદિરની ગૌ શાળા આવેલી છે.જેમાં ગાંજાના છોડ ઉગાડવામાં આવતા હોવાની પોલીસને બાતમી મળી હતી.જેના આધારે પોલીસ દ્વારા ઓચિંતી રેડ કરી હતી.અને ૬૨ કિલો ગાંજાનો જથ્થો કિંમત રૂ.૩.૭૨ લાખનો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો.પોલીસે મુદામાલ કબજે કરી કોના દ્વારા આ છોડનું વાવેતર કરવામાં આવ્યુ હતુ.તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.



## પરિણામ

**● અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કેન્દ્રનુ પરિણામ ૮૮.૪૮ ટકા આવ્યુ છે. ગાંધીનગર કેન્દ્રમાંથી નોંધાયેલા ૨૦૩૨ પૈકી ૨૦૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.જયારે જિલ્લાના વિવિધ કેન્દ્રો પૈકી સૌથી વધુ ગાંધીનગર નોર્થનુ તેમજ સૌથી ઓછુ પરિણામ અડાલજ કેન્દ્રનુ ૬૬.૮૭ ટકા પરિણામ આવ્યુ છે. ગાંધીનગર દક્ષિણ કેન્દ્રનુ પરિણામ પણ ૮૨.૩૦ ટકા આવ્યુ છે. જિલ્લામાંથી ૨૩ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. જયારે આ પૈકી ૫ વિદ્યાર્થી નગરની એન કે સ્કુલ ઓફ કોર્મસના છે. શહેરના ટોપર્સની યાદીમાં પણ આ શાળાનો વિદ્યાર્થી માહીમ જશુભાઈ ચૌધરી પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત શહેરની સે-૨૩ સ્થિત આર સી પટેલ સ્કુલમાંથી પણ ૩ વિદ્યાર્થીઓનો એ વન ગ્રેડમાં સમાવેશ થાય છે. આ ઉપરાંત આર જી પટેલ સ્કુલના ૨, માઉન્ટ કાર્મેલ નો ૧ સેન્ટ ઝેવિયર્સ શાળાના એક તેમજ સરગાસણ સ્થિત વેદ ઈન્ટરનેશનલ સ્કુલના એક વિદ્યાર્થીએ પણ એ વન ગ્રેડ હાંસલ કર્યો છે. કડી કેમ્પસની આર સી પટેલ સ્કુલની વિદ્યાર્થીની રીશિતાએ એકાઉન્ટ , સ્ટેટ અને ઓ સી ત્રણ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી અનોખી સિધ્ધિ મેળવી છે.આ સિવાય દહેગામ સ્કુલના વિદ્યાર્થીઓએ પણ એ વન ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ નોંધાયેલા ૧૦૭૬૪ વિદ્યાર્થીઓ પૈકી ૧૦૭૫૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે જિલ્લાનુ પરિણામ ૮૦.૧૦ ટકા આવ્યુ છે.

## ફીર એક બાર

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

હતો. પ્રસ્તાવના સમર્થનમાં જેડીયુના નીતિશકુમાર, શિવસેનાના ઉદ્ધવ ઠાકરે, એલજેપીના રામવિલાસ પાસવાન, અન્નાદ્રમુક તરફથી પલાનીસામી, નાગાલેન્ડના મુખ્યમંત્રી નેફ્યુ રિયો પણ સમર્થનમાં આગળ આવ્યા હતા. અન્યો પક્ષોએ પત્ર લખીને સમર્થન કર્યું હતું. અમિત શાહે મોદી મોદીના નારા વચ્ચે સર્વસંતિથી એનડીએના નેતા ચૂંટી કાઢવાની જાહેરાત કરી હતી. ૩૫૩ સંસદ સભ્યોના નેતા તરીકે નરેન્દ્ર મોદી ચૂંટાઈ આવ્યા છે. ત્યારપછી મોદીએ એનડીએના વરિષ્ઠ નેતાઓના આશીર્વાદ લીધા હતા જેમાં લાલકૃષ્ણ અડવાણીનો પણ સમાવેશ થાય છે. જોશીને પણ ઉત્સાહપૂર્વક મળ્યા હતા. મંચ ઉપર મોદીની સાથે એનડીએના તમામ નેતાઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ભાજપના તમામ ચૂંટાયેલા ૩૦૨ સાંસદો ઉપરાંત વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ફગાવી

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

સ્વીકાર કરે છે અને તેઓ જવાબદાર અને રચનાત્મક વિપક્ષની ભૂમિકા માટે તૈયાર છે. કોંગ્રેસ કારોબારીની બેઠક બાદ મિડિયા સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, બેઠકમાં એક પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો છે. પસાર કરવામાં આવેલા પ્રસ્તાવમાં જણાવવામાં આવ્યું છે કે, કાર્યસમિતિ ૨૦૧૯ના જનાદેશને વિનમ્રતાથી સ્વીકાર કરે છે. કોંગ્રેસ કારોબારી સમિતિ ૧૨.૧૩ કરોડ સાહસી અને સજાગ મતદારોનો પણ આભાર માને છે જે લોકોએ કોંગ્રેસ પાર્ટીમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરે છે. કોંગ્રેસ પાર્ટી એક જવાબદાર અને રચનાત્મક વિપક્ષની ભૂમિકા અદા કરશે. દેશવાસિઓની સમસ્યાઓને રજૂ કરીને તેમની સરકાર પ્રત્યે જવાબદારી પણ યાદ અપાવશે. રાહુલના રાજીનામાની ઓફરને અસ્વીકાર કરનાર પ્રસ્તાવમાં કહેવામાં આવ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કારોબારી સમક્ષ અધ્યક્ષપદેથી રાજીનામુ આપવાની ઓફર કરી હતી પરંતુ કારોબારીના સભ્યોએ સર્વસંમતિથી એક સ્વરમાં રાહુલ ગાંધીની ઓફરને ફગાવી દીધી હતી. પ્રતિકુળ અને પડકારરુપ પરીસ્થિતિમાં પાર્ટીને રાહુલ ગાંધીના નેતૃત્વમાં પાર્ટી આગળ વધે તે જરૂરી છે. કોંગ્રેસ કારોબારી સમિતિએ રાહુલ ગાંધીને દેશના યુવાનો, ખેડૂતો, મહિલાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાત જાતિઓ, શોષિતો અને વંચિતોની સમસ્યાઓને આગળ આવીને ઉકેલવાની દિશામાં કામ કરવાની વાત કરવામાં આવી છે.

## ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮ના ચોથો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮ ● Email : guda_info@yahoo.co.in

### ફાયર સેફ્ટી સંદર્ભે જાહેર ચેતવણી

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) ગાંધીનગર હદ વિસ્તારમાં આવતા બાંધકામોમાં બિનપરવાનગીએ ટ્યુશન ક્લીસાસી / કોચીંગ ક્લાસીસ, શૈક્ષણિક સંસ્થા, હોસ્ટેલ, હોસ્પિટલ, હોટલ, રેસ્ટોરેન્ટ, ગેસ્ટ હાઉસ, મોલ, સિનેમા તથા તમામ અન્ય વાણિજ્ય, રહેણાંક, ઈન્ડસ્ટ્રીયલ તથા તમામ પ્રકારના એકમો કે જેમાં ફાયર એક્ટની જોગવાઈ મુજબ ફાયર સેફ્ટીની જરૂરિયાત હોઈ તેવા તમામ કિસ્સા તેમજ બાંધકામમાં એન્ટ્રી - એક્ઝીટ - સ્ટેર, પગથિયા, પેસેજ વિગેરેમાંથી અવર-જવરમાં અવરોધરૂપ થાય તે પ્રકારે માલસામાન - ચીજવસ્તુ - ફર્નિચર - સ્ટ્રક્ચર વિગેરે કરેલ હોય અને અકસ્માત કે આગના સંજોગોમાં પરિસર ત્વરિત ખાલી કરવામાં અડચણરૂપ થાય તેવી પ્રવૃત્તિ કરેલ હોય, તેમજ કેબલકટ સીલ ન હોય, તેમજ ફાયરસેફ્ટી માટે તમામ જરૂરી જોગવાઈઓ (જેવી કે ફાયર એક્સ્ટીગ્યુંસર, સ્પ્રિંકલર, ફાયર રેસીસ્ટટ પેઈન્ટ, ધુમાડો અવરોધાય નહી તેવી વ્યવસ્થા વગેરે)નું પાલન થતું ના હોય તેવા વપરાશકર્તાઓ / માલિકો / કબજેદારો / લાગતાવળગતા તમામે ફાયર સેફ્ટી તથા લોકોના જાનમાલની સલામતી માટે આવા જોખમકારક બિનઅધિકૃત ઉપયોગ બંધ કરાવવા માટે તેમજ તેને આનુષાંગિક / સંબંધિત અન્ય પગલા લેવા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ (ગુડા) દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

તેમજ આગ અકસ્માતની કોઈ ઘટના બનશે તો તે અંગેની સઘળ જવાબદારી સંબંધિત માલિક / સંચાલક / વપરાશકર્તાની રહેશે અને આ બાબતે તેઓ સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ**
**ગાંધીનગર**

માહિતી/૮૪/૧૯-૨૦

## જાહેર નિવિદા

**પ્રિન્ટરોમાં રીફીલીંગ / રીપેરીંગ કરવા અંગેનો વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા બાબત**

શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય
બ્લોક નં. ૧૧,૧૨,૧૪ બીજો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૫૫૯૯૭, ૨૩૨૫૭૫૦૦, ૨૩૨૫૭૫૦૩

કચેરીના કાર્યરત પ્રિન્ટર મશીનમાં રીફીલીંગ માટેનો અને રીપેરીંગ કરવા માટેની વાર્ષિક જાળવણીની કામગીરીમાં રસ ધરાવતી સ્થાનિક સંસ્થાઓ પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. જે ટેન્ડર ફોર્મ તા. ૨૭/૫/૨૦૧૯થી ૭/૬/૨૦૧૯ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂ. ૧૦૦/- રોકડા ભરી મેળવી આજ તારીખોમાં સીલબંધ કવરમાં રજૂ કરવાના રહેશે.

**સહી/-**
**નાયબ શ્રમ આયુક્ત**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

માહિતી/૭૧/૧૯-૨૦

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ